**Publication:** Prabhat
**Date:** 10/08/2016
**Edition:** Ahmedabad
**Page No:** 6
**Headline:** TCS IT Quiz competition 2016

# ટીસીએસ આઈટી વીઝ ૨૦૧૬ના અમદાવાદ આવૃતીના વિજેતા

૮૦૦ થી વધુ અમદાવાદના અલગ-અલગ સ્કુલના વિદ્યાર્થીઓ એ ટીસીએસ આઈટી વીઝ, ભારતની સૌથી મોટી ઈન્ટર-સ્કુલ ક્વિઝ, જે ટાટા કન્સલ્ટન્સી સર્વિસીસ, એક અગ્રણી આઈટી સર્વિસીસ, કન્સલ્ટીંગ અને બીઝનેશ સોલ્યુશન કંપની દ્વારા મંગળવાર, ઓગષ્ટ ૯ એ રવીન્દ્રનાથ ટાગોર હોલ, પાલડી, અમદાવાદ ખાતે આયોજીત કરવામાં આવી હતી તેમાં ભાગ લીધો હતો. ટીસીએસ આઈટી વીઝ ઉચ્ચતર માધ્યમિક સ્કુલમાં ધો. ૮ થી ૧૨માં ભણતા વિદ્યાર્થીઓ માટે પણ ખુલ્લો મુકવામાં આવ્યો હતો. કોઈ પ્રવેશ ફી ન હતી. આ વર્ષના ક્વિઝની થીમ ડિફોલ્ટ ઈઝ ડિઝીટલ. ક્વીઝ પ્લેટફોર્મે ટેક્નોલોજીકલ ટ્રેન્ડને ધ્યાનમાં રાખ્યો હતો જે આજના વિશ્વમાં ઘણું મહત્વ મેળવી રહ્યાં છે. વિદ્યાર્થીઓ જેઓ આ ક્વિઝના ભાગ છે તેઓને તેમના ભવિષ્યમાં આગળ વધતી વખતે આ ટેક્નોલોજી સમજવામાં ફાયદો થશે.

રીજનલ ફાઈનલ્સના ૫ રાઉન્ડ ક્વિઝીંગ બાદ નવરચના સામા માંથી સુજય નિગમ અને સચીન અગ્રવાલ ટાઈટલ જીત્યા હતાં. આ વર્ષના બન્ને રીજનલ વિજેતાઓને આઈપેડ એર આપવામાં આવ્યું હતું જયારે રનર્સ-અપ સંત કબીર, વડોદરા માંથી મહર્ષ શાહ અને ભવ્ય બી. ને આઈપેડ મીની અને સ્પેશીયલી ડિઝાઈન ટ્રોફી તથા એવોર્ડ એનાયત કરવામાં આવ્યા હતાં. ૬ ફાઈનાલીસ્ટોને પણ ટીસીએસ તરફથી આકર્ષક ભેટ આપવામાં આવી હતી જેમાં સ્પેસ પેક, સેલ્ફી સ્ટીક, ઈયર ફોન, બ્લુટુથ સ્પીકર્સ અને પેન ડ્રાઈવ્સનો સમાવેશ થાય છે. વિજેતા ટીમ અને ટીચર્સ નેશનલ ફાઈનલ્સમાં સ્પર્ધા કરવા માટે મુંબઈ પ્રવાસ કરશે.. ઈનામોનું વિતરણ માનનીય મહેમાન શ્રીમતી મંજુલા શ્રોફ, કેલોરેક્સના સીઈઓ સાથોસાથ શ્રી હસીત કાજી – વાઈસ પ્રેસીડેન્ટ, અને હેડ ઓફ ગુજરાત અને સ્પેશીયલ ઈનીસીયેટીવ, ટીસીએસ દ્વારા કરવામાં આવ્યું હતું. તેઓ આ ક્વીઝ નિહાળ્યા બાદ આનંદની લાગણીમાં જણાવે છે કે "બાળકો ખુબ જ તેજસ્વી છે. સ્કુલમાં ભણતી વખતે ૫૦ બાળકોના ક્લાસમાંથી ટોચના ૩માં સ્થાન મેળવવું મુશ્કેલ હોય છે ત્યારે આ બાળકોએ ૫૦૦ બાળકોમાંથી પોતાનું સ્થાન પહેલા ૬માં મેળવ્યું છે તે ખુબ જ પ્રશંસનિય છે. વિજેતાઓએ ખુબ જ સારું પ્રદર્શન કર્યું હતું અને તેઓ આ જીતના સાચા હકદાર છે. આ ક્વિઝ અંતમાં ખુબ જ રસપ્રદ રહી હતી. જ્ઞાન મેળવવું અને જ્ઞાનનો ઉપયોગ કરવો એ ખુબ જ મહત્વની વાત છે જે આ બાળકોએ તેમની રમત દ્વારા ખુબ સારી રીતે સાબીત કર્યું છે." આ ક્વિઝની યજમાની જાણીતા ક્વીઝ માસ્ટર ગીરી 'પીકબ્રે ઈન' બાલાસુબ્રમનીયમ દ્વારા કરવામાં આવી હતી.